## સમસ્ત ખરક જ્ઞાતિ અમદાવાદ 22મું સ્નેહ મિલન તા.8/1/2023

સમાજ શિક્ષિત અને સંગઠિત બને એ વિશિષ્ટ ઉદ્દેશ સાથે અમદાવાદના આંગણે તારીખ 8/1/23 ના રોજ 22મું સ્નેહ મિલન યોજાયેલ તેમાં બાળકોનો સાંસ્કૃતિક કાર્યક્રમ , ઈનામ વિતરણ સમારોહ,અધિકારી સન્માન તથા સમૂહ ભોજન નો કાર્યક્રમ યોજાયેલ.

બાળકોના કાર્યક્રમમાં પ્રાર્થના, રેકર્ડ ડાન્સ, દેશભક્તિ ગીત ઉપરાંત તલવારબાજી (ક્રિષ્ના ખોડીફાડ ), ગમ્મત સાથે ગણિત (ભરતભાઈ સેંતા) ક્યુબ સોલ્વીંગ (અર્થવ સેંતા ) એ સૌને મંત્રમુગ્ધ કર્યા, સંસ્કૃતિ કાર્યક્રમની તૈયારી કરાવનાર બહેનોને ખરક સમાજ કમિટી દ્વારા બિરદાવવામાં આવેલ્ ભાગ લેનાર દરેક બાળકને ફૂચા મહેશભાઈ, વાળાકી કલ્પેશભાઈ, પટેલિયા દિનેશભાઈ દ્વારા ઇનામો આપવામાં આવેલ . આ કાર્યક્રમનું સફળ સંચાલન જયસુખ સેંતા (જ્ઞાન મંજરી :મહુવા) એ કરેલ..

ત્યારબાદ મુખ્ય કાર્યક્રમની શરૂઆત થઈ સ્ટેજ ઉપર મહેમાનોને આમંત્રિત કર્યા બાદ કાનજીભાઈ ભૂત. પુનાભાઈ પટેલિયા ,કનુભાઈ કાપડિયા ,નાથભાઈ વાયક ,ડૉ . વિપુલભાઈ ઠંઠ વાળાકી,જેરામભાઈ પટેલિયા ,ખીમજીભાઇ ઠંઠ ,બાવચંદભાઈ ભૂત વગેરે મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્ય કરાયું જેમાં શ્લોકગાન (વળીયા દેવાંશી) ( પટેલિયા ઋષિતા)એ કર્યું ।

ત્યારબાદ સમસ્ત ખરક સમાજ :અમદાવાદની ચુંટી કઢાયેલ નવી કમિટી તથા સભ્યોની જાહેરાત કરવામાં આવી ,અને તેમને સમગ્ર ખરક સમાજ અમદાવાદે એકસુરે ભાવથી આવકારેલ અને શુભકામના પાઠવી ..

ત્યારબાદ સમગ્ર ખરક સમાજ: અમદાવાદ ના ધોરણ 1 થી 12 માં પ્રથ મ્ ત્રણ નંબરે આવેલ તેજસ્વી તારલાઓને વિવિધ દાતાઓ પાસેથી મળેલ ઈનામ અને પ્રમાણ પત્ર દ્વારા સન્માનિત કરી પ્રોત્સાહિત કરાયા .. ત્યારબાદ અમદાવાદ ગાંધીનગર નોકરી કરતા સરકારી કર્મચારી નો એક સત્કાર સમારોહ યોજાયેલ તેમાં 33 જેટલા ભાઈ બહેનોને સાલ ઓઢાડી સત્કારવામાં આવ્યા અને તેમજ નાથાભાઈ વાયક , વિઠ્ઠલભાઈકોરડિયા , આનંદભાઈ સેતા એ પ્રાસંગિક પ્રવચન આપી સૌને ભાવ વિભોર કરેલ..જે લોકો એ અમદાવાદની નાત કરેલ્ હોય તેને

કમિટીએ માનપત્ર આપી બીરદાવેલ.. કાર્યક્રમનું સફળ સંચાલન ભરતભાઈ વળિયા (કોટં ) તથા નટુભાઇ વાળકી( નઈપ) નાથાભાઈ સોલંકી( ગુંદરણા) એ કરેલ . છેલ્લે સોલંકી નાથાભાઈએ નાનામાં નાના કાર્યકર્તાઓ ,દાતાઓ,મહેમાનો તથા હાજરી અપનાર તમામ જ્ઞાતિજનો નો આભાર માનેલ.. ..કાર્યક્રમના અંતે વિવિધ દાતાઓના સહયોગથી સમગ્ર સમાજે (આશરે 3700 લોકો )સાથે ભોજન લીધેલ.. જેમાં જ્ઞાતિના ઐક્યનું દર્શન થયેલ ,

# સમસ્ત ખરક સમાજ: અમદાવાદ

## ચુંટાયેલ .. નવી કમિટી 2023

ભૂત બાવચંદભાઈ પ્રાગજીભાઈ (લીલીવાવ)

પ્રમુખ શ્રી, 98258 54811

ઠંઠ ખીમજીભાઈ રાઘવભાઈ (સાંખડાસર)

ઉપપ્રમુખશ્રી 99253 91940

કાપડિયા મનોજભાઈ વાલજીભાઈ (મોરંગી)

મંત્રીશ્રી 98986 17918

કામળિયા બાબુભાઈ પાંચાભાઇ (રાણીવાડા)

સહમંત્રી 98253 39364

કામળીયા ભટુરભાઈ પુંજાભાઈ {રાણીવાડા)

ખજાનચી 98241 47419

ખીમાણી રવિ રમેશચંદ્ર {ભાવનગર}

સહખજાનચી 91738 39798

આ ઉપરાંત દરેક ગામ દીઠ 2-2 વ્યક્તિને સભ્ય તારીકે લેવામા આવેલ છે